# નિત્ય પ્રાર્થના

## ૐ કાર (૩ વખત)

### ગાયત્રી મંત્ર

ઓમ્ ભૂર્ભવઃ સ્વઃ । તત્સવિતુર્વરેણ્યં ભર્ગો (૩ વખત)
દેવસ્ય ધીમહિ । ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

પ્રાર્થના મંત્રો :-

ઈશાવાસ્યમ્ ઈદં સર્વ યત્ કિંચ જગત્યાં જગત્
તેને ત્યકતેન ભુંજીયાઃ મા ગૃધ : કસ્યસ્વિદ ધનમ્ ।
ય બ્રહ્મા વરૂણે ન્દ્ર રૂદ્ર મરૂતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈરઃ
વેદૈઃ સાંગ પદ કમોપનિષદૈર ગાયન્તિ યં સામગા :
ધ્યાનવસ્થિત તદગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો ।
યસ્યાન્તં ન વિંદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
તવમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિધા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વ મમ દેવ દેવ ॥

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છું તો તુ જ દર્શનના દાન દઈ જા.

--- ગીતા ધ્વનિ (સ્થિતપ્રતજ્ઞ લક્ષણ) ---

અર્જુન બોલ્યાં :-

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ , જાણવો કેમ કેશવ ?
બોલે, રહે, ફરે કેમ, મુનિ જે સ્થિર બુદ્ધિનો ? ૧

શ્રી ભગવાન બોલ્યાં :-

મનની કામના સર્વે છોડીને આત્મામાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપજ્ઞ જાણવો. ૨

દુઃખે ઉદ્‌વેગના ચિત્તે, સુખોની ઝંખના ગઈ;
ગયા રાગ ભય-ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિની. ૩

આશકત નહિ જે કયાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્રેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૪

કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી;
સંકેલ ઈન્દ્રિયો પૂર્ણ; તેની પ્રજ્ઞા થી સ્થિર. ૫

નિરાહારી શરીરના ટળે છે, વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં. ૬

પ્રયત્નમાં રહે તો યે, શાણાએ નરના કરે,
મનને ઈન્દ્રિયો મસ્ત વેગથી વિષયો ભણી. ૭

યોગથી તે વશે રાખી રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૮

વિષયોનું રહે ધ્યાન તેમાં આસકિત ઊપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે ૯

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિ લોપે બુધ્ધિનાશ, બુધ્ધિનાશે વિનાશ છે. ૧૦

રાગ ને દ્રેષ છૂટેલી, ઈન્દ્રિયો વિષયો ગ્રહે,
વસેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા. ૧૧

પામ્યો પ્રસન્નતા તેના, દુ:ખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની, બુધ્ધિ શિઘ્ર બને સ્થિર. ૧૨

અયોગીને નથી બુધ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંથી અશાંતને ? ૧૩

ઈન્દ્રિયો વિષય દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીને તે હરે બુધ્ધિ, જેમ વા નવને જળે. ૧૪

તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૧૫

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા. ૧૬

સદા ભરાતા અચલ પ્રતિષ્ટ, સમુદ્રમાં નીર બધા પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ તે શાંતિ પામે નહિ કામકામી. ૧૭

છોડીને કામના સર્વે, ફરે જે નર નિસ્પૃહ,
અહંતો-મમતા મૂકી તે પામે શાંતિ ભારત. ૧૮

આ છે બ્રહ્મદશા એને પામ્યો ના મોહમાં પડે,
અંતકાળે ય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે. ૧૯

સંગે હરિ ચરણમાં રહીએ તમે અમે,
સંગે હરિ પ્રણયમાં રમીએ તમે અમે,
સંગે પરાક્રમ ઘણાં કરીએ તમે અમે,
તે સંગભંગ બનજો ન કદાપી આપણો,
તેજસ્વી પ્રાણવાન થજો સદા જીવન આપણું,
ન કદાપી થજો ભિન્ન વિદ્વેષે મન આપણું.

જે અંતરે કરી પ્રવેશ સૂતલ મારી,
વાણી સજીવન કરે નિજ ભર્ગ પ્રેરી,
જે રોમ રોમ મહીં પ્રાણ પૂરે પ્રતાપી,
તે શકિતનાથ, પુરુષોતમને પ્રણામ.

હરિ ૐ તત્સત્ શ્રી નારાયણ તુ પુરૂષોતમ ગુરુ તું,
સિધ્ધ બુધ્ધ તું, સ્કંદ વિનાયક સવિતા પાવક તું,
બ્રહ્મ મઝદ તું, યહવ શકિત તું, ઈશુ પિતા પ્રભુ તું,
રૂદ્ર વિષ્ણુ તું, રામકૃષ્ણ તું, રહીમ તાઓ તું,
વાસુદેવ ગો, વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું,
અદ્વિતીય તું, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું,
હરિ ૐ તત્સત્ શ્રી નારાયણ તુ પુરૂષોતમ ગુરુ તું,
સિધ્ધ બુધ્ધ તું, સ્કંદ વિનાયક સવિતા પાવક તું,
સવિતા પાવક તું,સવિતા પાવક તું.

## શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ

શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજ મન હરણ ભવમય દારુણં,
નવકંજ લોચન, કંજ મુખ, કર કંજ, પદ કંજારુણં,
કંદર્પ અગણિત અમિત છબિ નવ નીલ નીરજ સુંદરં,
પટ પીત માનહુ તડિત રુચિ શુચિ નૌમિ જનકસુતાવરં,
ભજ દનિબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનં,
રઘુનંદ આનંદકંદ કોશલચંદ દશરથ નંદનં,
શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાસ અંગ વિભૂષણં,
આજાનુ ભુજ શર ચાપ ધર, સંગામ જીત ખર દુષણં,
ઈતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનં,
મમ હ્રદય કુંજ નિવાસ કરું, કામાદિ ખલ દલ ગંજનં.

## મંગલાચરણ

ઓ ઈશ્વર ભજીએ તને, મોટુ છે તુજ નામ.
ગણ તારા નિત ગાઈએ, થાયે અમારા કામ. ૧

હેત લાવી હસાવ તું સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ, અમે તો પ્રભુ કરજો માફ ૨

પ્રભુજી એટલું આપજો, કુટુંબ પોષણ થાય,
ભૂખ્યો કોઈ સૂએ નહી, સાધુ સંત બધાય ૩

અતિથિ નવ ઝાંખો પડે, આશિષ ના દુભાય,
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય. ૪

સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છીએ અમ દીન.
શત્રુ ઈચ્છે મિત્રતાને, પડોશી ઈચ્છે પ્રીત. ૫

વિચાર વાણી વર્તને, સૌનો સાચો પ્રેમ,
સગા સ્નેહી મિત્રનું, ઈચ્છું કુશળ શેમ. ૬

જોવા આપી આંખડી, સંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન. ૭

ઓ ઈશ્વર તું એક છે, સજર્યો તે સંસાર.
પૃથ્વી, પાણી, પર્વતો, કીધાં તે તૈયાર. ૮

તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ,
તે તો સઘળાં તે રચ્યાં જબરૂં તારૂં જોમ. ૯

અમને આપ્યાં જ્ઞાનગુણ, તેનો તું દાતાર.
બોલે વાણી પ્રાણીઓ, એ તારો ઉપકાર. ૧૦

કાપ કલેશ કંકાસને; કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કપટ, સુખ આપ. ૧૧

ઓ ઈશ્વર તમને નમું. માગું જોડી બે હાથ
આપો સારા ગુણને, સુખમાં રાખો નામ. ૧૨

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ.
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ. ૧૩

## ગીતા સાર

બોલ્યા બોલ્યા શ્રી ભગવાન (૨) અર્જુન સાંભળો રે,
તમને કહું છું ગીતાજ્ઞાન (૨) અર્જુન સાંભળો રે... બોલ્યા..
આત્મા મરતો નથી અમર છે, એવું સમજે તે જ્ઞાન છે,
તે સાંખ્ય યોગી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
સત્કર્મ ધર્મ કહેવાય, આચરતા ચિત્તશુધ્ધિ થાય,
તે કર્મ-યોગ કહેવાય અર્જુન સાંભળો રે... બોલ્યા..
સત્કર્મ સદા આચરીએ, ફળ હરિને અર્પણ કરીએ,
તે બ્રહ્માર્પણ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
જેમ કમળપત્ર પાણીમાં, તેમ રહે છે જે દુનિયામાં,
તે સંન્યાસી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
પોતે પોતાના ગુરુ બનીએ, નારાયણનું ધ્યાન ધરીએ
તે સંયમી કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
વાસુદેવ સર્વ વ્યાપક છે, હજારોમાં કોક જાણે છે,
તે વિજ્ઞાની કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
આખા વિશ્વતણો ક્ષય થાય, મારું ધામ અક્ષય કહેવાય,
અક્ષર બ્રહ્મ તે કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
સરજું, પાળું ને સંહારુ, ભાવે ભજન કરો તમે મારું,
તે રાજ યોગ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
અંતરની આંખો ખોલો, તમે સઘળે હવે તમે જોઈ લ્યો,
તે વિશ્વરૂપ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..

અનન્ય ચિંતન મારું કરશે, તે મૃત્યુ સાગર તરશે,
એવું ભકિતયોગ સમજાવે, અર્જુન સાંભળો રે... બોલ્યા..
દેહ પ્રકૃતિનો કહેવાય જીવ મારો અંશ કહેવાય,
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
જ્યારે ભેદ ભાવના જાયે, ત્યારે સમાનતા આવે,
ત્યારે ત્રિગુણાતીત કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
જગ વૃક્ષ તણું જે મૂળ છે, જડ ચેતનથી ઉત્તમ છે,
તે પુરૂષોતમ કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
સદ્‌બુધ્ધિ દેવ કહેવાય, કુબુદ્ધિ અસુર કહેવાય,
તે દેવાસુર કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
જેવુ અન્ન તેવું મન, તેવી શ્રદ્ધા જેવું મન,
તે શ્રદ્ધામય કહેવાય, અર્જુન સાંભળો રે... બોલ્યા..
સઘળા ધર્મો છોડી દોને, મારે હારણે આવો ને,
મુકત સન્યાસી થઈને, અર્જુન સાંભળો રે... બોલ્યા..
ગીતામૃત પાન જે કરશે, તે મૃત્ય સાગર તરશે,
'શિવરામ' થાશે જયજયકાર, અર્જુન સાંભળો રે... બોલ્યા..

## મા બાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહિ;
અગણિત છે ઉપકાર એના, એહ વિસરસો નહિ.
દેવો પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દિઠું તમ મુખડું;
એ પુનિત:જનનાં કાળજાં, પથ્થર બની છૂંદશો નહિ.
કાઢી મુખેથી કોળિયો, મોમાં દઈ મોટા કર્યા;
અમૃત તણા દેનાર સામે , ઝેર ઉછાળશો નહિ.
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે, (પણ) માબાપ જેના ન ઠર્યા;
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.
ભીને સૂઈ પોતે અને, સૂકે સુવડાવ્યાં આપને;
એવી અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો બીછાવ્યા પ્રેમથી, જેમણે તમારા રાહ પર;
એ ચાહના રાહ પર, કંટક કદી બનશો નહિ.
સંતાનથી સેવા ચાહો (તો) સંતાન છો સેવા કરો;
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહિ.
ધન ખરચતાં મળશે બધું (પણ) માતપિતા મળશે નહિ;
એના પુનિત ચરણો તણી, કદી ચાહના ભૂલશો નહિ.

## રઘુપતિ રાઘવ રાજારામ

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતા રામ
સીતા રામ સીતા રામ, ભજ મન પ્યારે સીતા રામ...
૦ રઘુપતિ .......

ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન
મંદિર મસ્જિદ તેરે ધામ, પતિત પાવન સીતા રામ
૦ રઘુપતિ .......

રાત્રે નિદ્રા દિવસે કામ, કયારે ભજીશુ શ્રી ભગવાન
તનમેં રામ મનમેં રામ, અણુ અણુ મે રામ હી રામ
૦ રઘુપતિ .......

જલમેં રામ સ્થલમેં રામ, સારે જગમેં તું હી રામ
રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતા રામ
સીતા રામ સીતા રામ, ભજ મન પ્યારે સીતા રામ...
૦ રઘુપતિ .......

## ભકિત કરતા છૂટે મારા પ્રાણ

ભકિત કરતાં છૂટે મારા પ્રાણ
પ્રભુજી એવુ માગુ રે.....
રહે જનમો જનમ તારો સાથ.. પ્રભુજી...
તારૂ મુખડુ મનોહર જોયા કરૂ,
રાત દહાડો ભજન તારૂ બોલ્યા કરૂં
શ્વાસે શ્વાસે રટું તારૂ નામ... પ્રભુજી....
મારી આશા નિરાશા કરશો નહિ
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ
રહે અંત સમય તારૂ ધ્યાન... પ્રભુજી....
મારા તાપને પાપ સમાવી લેજો
તારા બાળકને દાસ બનાવી દેજો
દે જો આવીને દર્શન દાન... પ્રભુજી....

## હાંરે વહાલા અરજી અમારી

હાંરે વહાલા અરજી અમારી, સુણો શ્રીનાથજી,
લઈ જાજે તારા ધામમાં... હારે વહાલા... અરજી...
હાંરે મારા અંત સમયના બેલી,
હાંરે હવે મેલો નહિ હડસેલી;
હાંરે હું તો આવી ઉભો તમ દ્વારે શ્રીનાથજી,
લઈ જાજે તારા ધામમાં...
હાંરે નાથ કરૂણાતણા છો સિંધુ.
હાંરે હું તો યાચું છું એજ બિંદુ;
હાંરે એક બિંદુમાં નહિ થાય ઓછું શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં...
હાંરે મારૂં અંતર લેજો વાંચી,
હાંરે નથી મેંદીમાં લાલી લખાતી;
હાંરે પાને પાને એ પ્રસરી જાતી શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં...
હાંરે તને સમજુને શું સમજાવું,
હાંરે કે' તો અંતર ખોલીને બતાવું;
હાંરે તારા ભકતોને એકજ આશા શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં...

## હું શરણે તારે આવ્યો છું

હું શરણે તારે આવ્યો છું,
પ્રભુ તું ના સ્વીકારે તો હું શું કરું ?
હું ચરણે અરજી લાવ્યો છું,
પ્રભુ તું ના સ્વીકારે તો હું શું કરું ?
છું જનમ જનમનો અપરાધી, વળી મનમાં તનમાં છે વ્યાધિ;
હું દર્દી થઈને આવ્યો છું, પ્રભુ તું ના સુધરે તો હું શું કરું ?
મારી આગળ પાછળ છે આંધી, મારો તાર તૂટેલો દે સાંધી;
હું ભૂલ ભરેલો આવ્યો છું, પ્રભુ તું ના સુધારે તો હું શું કરું ?
મને સ્વારથિયાઓ જકડે છે, મને પાગલ સમજી પકડે છે;
હુ છૂટવા માટે આવ્યો છું પ્રભુ તું ના છોડાવે તો હું શું કરું ?
મારે પુનિત પંથે જાવું છે, વળી રામભકત પણ થાવું છે;
હું તરવા માટે આવ્યો છું, પ્રભુ તું ના તરાવે તો હું શું કરું ?

## જીંદગીનો શો ભરોસો

જીંદગીનો શો ભરોંસો વહી જશે,
જોત જોતામાં સમય એ થઈ જશે... જીંદગીનો...
જીંદગી એક ફૂલ છે સંભાળજો,
આજ અગર કાલે જરૂર કરમાઈ જશે... જીંદગીનો...
કાયા કાચો કુંભ સાચું માનજો,
કાળ ટકકર વાગતાં ફુટી જશે... જીંદગીનો...
પાણી પહેલા પાળ જીવનની બાંધજો,
અણધાર્યું ઓચિંતુ તેડું થઈ જશે... જીંદગીનો...
ભકિત ભાવે ભવનું ભાથું બાંધજો,
હરિ હરિ ભજતાં ભવ તમે તરી જશો....
જીંદગીનો શો ભરોસો....

## તમે ભાવે ભજી લ્યો

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું;
કંઈક આત્માનું કરજો કલ્યાણ, જીવન થોડું રહ્યું..... ટેક ૦
એને દીધેલાં કોલ તે ભૂલી ગયાં,
જૂઠી માયાને મોહમાં ઘેલાં થયાં,
ચેલો ચેતો શું ભૂલ્યાં છો ભાન .... જીવન ૦
બાળપણને યુવાનીમાં અડધું ગયું,
નહિ ભકિતના મારગમાં ડગલું બર્યું,
હવે બાકી છે એમાં દયો ધ્યાન .... જીવન ૦
પછી ઘડપણમાં ગોવિંદ ભજાશે નહીં,
લોભ વૈભવને ધન તો તજાશે નહીં,
બનો આજથી પ્રભુમાં મસ્તાન .... જીવન ૦
જરા ચેતીને ભકિતનું ભાથુ ભરો,
કંઈક ડર તો, પ્રભુજીનો દિલમાં ધરો,
છીએ થોડા દિવસનાં મહેમાન .... જીવન ૦
બધા આળસમાં દિન આમ વિતી જશે,
પછી ઓચિંતુ, યમ તણું તેડું થશે,
નહિ ચાલે તમારુ તોફાન .... જીવન ૦

## હે કરૂણાના કરનારા

હે કરૂણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી,
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી.

મારા પાપ ભર્યા છે એવા તારી ભૂલ્યો કરવી સેવા
મારી ભૂલોનાં ભૂલનારા તારી કરૂણાનો કોઈ પાર નથી.

હે પરમ કૃપાળુ વ્હાલા મેં પીધાં વિષનાં પ્યાલા
વિષને અમૃત કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી.

હું અંતરમાં થઈ રાજી ખેલ્યો અવળી બાજી
અવળી સવળી કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી.

મને જડતો નથી કિનારો મારો કયાંથી આવે આરો
મારા સાચા ખેલન હારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.

ભલે છોરૂ કછોરૂં થાયે, તું માવતર કહેવાય
મીઠો છાયા દેનારા , તારી કરૂણાનો કોઈ પાર નથી.

છે ભકતનું દિલ ઉદાસી તારા ચરણે લે અવિનાશી
દાતાના દિલ હરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.

હે કરૂણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી.

## સમર્પણ - અબ સૌંપ દિયા

અબ સૌંપ દિયા ઈસ જીવન કા,
સબ ભાર તુમ્હારે હાથોં મેં. (૨)

હે જીત તુમ્હારે હાથોં મેં,
ઔર હાર તુમ્હારે હાથોં મેં. (૨)

મેરા નિશ્ચય બસ એક યહી,
ઈક બાર તુમ્હેં પા જાઉ મૈં. (૨)

અર્પણ કર દૂં દુનિયાભરકા,
સબ પ્યાર તુમ્હારે હાથોં મેં. (૨)

જો જગ મેં રહું તો ઐસે રહૂં,
જયોં જલમેં કમલકા ફૂલ રહે. (૨)

મેરે સબ ગુણ દોષ સમર્પિત હો,
કરતાર-ભગવાન તુમ્હારે હાથોં મેં. (૨)

યદિ માનવ કા મુઝે જન્મ મિલે,
તો તુમ ચરણોંકા પૂજારી બનું. (૨)

ઈસ પૂજનકી ઈક ઈક રગકા,
હો તાર તુમ્હારે હાથોં મેં. (૨)

જબ જબ સંસાર કા કેદી બનું,
નિષ્કામ ભાવ સે કર્મ કરું. (૨)

ફિર અંત સમયમેં પ્રાણ તજું,
નિરાકાર-સાકાર તુમ્હારે હાથોં મેં. (૨)

મુઝમેં તુઝમેં બસ ભેદ યહિ,
મૈં નર હૂં તુમ નારાયણ હો. (૨)

મૈં હૂં સંસાર કે હાથોં મેં,
સંસાર તુમ્હારે હાથોં મેં. (૨)

## પ્રભુ દ્વાર તમારા ખોલો

પ્રભુજી દ્વાર તમારા ખોલો રે
આવ્યો એક પુણ્યઆત્મા

આ દુનિયાની સગાઈ, રહી પ્યારમાં પથરાઈ
એમાં આત્મા ગયો લપટાઈ રે... આવ્યો એક...
આ ચારે કોરની માયા, તેમાં સઘળાં ભેદ સમાયા
મન માનવનાં લોભાયા રે... આવ્યો એક...
આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો
પ્રભુ તું છે એક જ સાચો રે... આવ્યો એક...
એણે સતકર્મ બહુ કીધાં , એણે દુઃખ સહન કરી લીધાં
તારા નામના અમૃત પીધા રે... આવ્યો એક...
લીધી તારા નામની માળા, હવે ભજીલે છેલ છોગાળા
આ ગિરધારી ગોપાલા રે... આવ્યો એક...
તારા હાથે છે મુજ નૈયા, તને પોકારું તરવૈયા
તમે આવોને રખવૈયા રે... આવ્યો એક...
તમે વ્હારે આવો નાથ, મારો પકડી લોને હાથ
પછી છોડું નહિ સંગાથ રે... આવ્યો એક...
અવિચળ ભાનુ ચંદ્રા, એ તારી લીલા ગોવિંદા
ઓ જશોદાજીના નંદા રે... આવ્યો એક...
પ્રભુ એ છે પ્રાર્થના મારી, એ આત્માને લેજો તારી
પ્રભુ સુણજો કૃષ્ણ મોરારી રે... આવ્યો એક...

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો !
દયામય ! મંગલ મંદિર ખોલો ! .... ધ્રુવ.
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો ! .... દયામય ૦
નામ મધુર તમ રટયો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક;
પ્રેમ અમીરસ ઢોળો ! ..... દયામય ૦

## -: અંજલી ગીત :-

હે નાથ, જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ,
શરણું મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ.
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો
વળી કર્મના યોગે ફરીને જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે.
લક્ષચોર્યાસી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
સુસંપતિ, સુવિચાર ને સત્કર્મનો દઈ વારસો.
જન્મોજન્મ તમ ભકિતથી કિરતાર પાર ઉતારજો.
આ લોક ને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી,
ધો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચુ બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો (૩ વાર બોલવું)

## -: શાંતિપાઠ :-

ૐ ધૌ : શાંતિરંતરિક્ષ ૐ શાંતિ : પૃથ્વિ
શાંતિરાપ : શાંતિરેષધય : શાંતિ : વનસ્પત્ય :
શાંતિર્વિશ્વેદેવા : શાંતિર્બ્રહ્મ શાંતિ સર્વ ૐ
શાંતિ : શાંતિરેવ શાંતિ : સા મા શાંતિરેધી
ૐ શાંતિઃ... શાંતિઃ... શાંતિઃ....

ૐ કારથી શરૂ કરી સર્વે ભાઈ બહેનોએ
૧ મીનીટ માટે મોન રાખી સદગત આત્માને
પરમ શાંતિ મળે એવી પ્રાર્થના કરવી.
(૧ મીનીટ પછી)

અસતો મા સત ગમય।
તમસો મા જયોતિર્ગમય।
મૃત્યોર્મા અમૃતં ગમય।
ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ : ॥